# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

- ❖ શિક્ષકોનાં ઉમદા પ્રયાસથી રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો હોવાનું જણાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ
- ❖ રાજ્યમાં 14 લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિના લાભ આપવામાં આવ્યા
- ❖ રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી વધુ બેનાં મોત – કુલ મૃત્યુ આંક 68 થયો.
- ❖ રાજ્યમાં સરેરાશ 23 ઇંચ સાથે મોસમનો 68 ટકા વરસાદ - આજે બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી.
- ❖ સ્ટેટ રેકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ધૈર્ય પરમાર અને ફિલ્ઝાહ ફાતિમા કાદરીએ ખિતાબ જીત્યા છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# All India National Educational Conference

રાજ્યના છેવાડાના ગામને પણ રાજ્યનું પ્રથમ હરોળનું ગામ બનાવવાનું ભગીરથ કાર્ય શિક્ષકો જ કરી શકે છે, તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. ગઈ કાલે ગાંધીનગરના ડભોડા ખાતે યોજાયેલા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને મુખ્ય શિક્ષક શૈક્ષિક મહાસંઘ, ગુજરાત દ્વારા આયોજિત મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીના અભિવાદન સમારોહમાં શ્રી પટેલે જણાવ્યું કે, શિક્ષકો દ્વારા ખૂબ જ સારું કામ કરવામાં આવી રહ્યું છે. તેમના ઉમદા પ્રયાસો દ્વારા સમગ્ર રાજ્યમાં ડ્રોપ આઉટ1 રેશિયો ઘટ્યો છે.

શિક્ષણ મંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રાષ્ટ્ર ભાવનાને ઉજાગર કરવા અને સમાજને નવી દિશા આપવા માટે કાર્ય કરી રહેલા શિક્ષકોના કાર્યને માન આપવા માટે આ સરકાર દ્વારા એચ ટાટના પ્રશ્નને ઉકેલવા માટે નિયમો બનાવવામાં આવ્યા છે. શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, સમાજ અને માનવ જીવનનું ઘડતર કરવાનું કામ શિક્ષકો કરી રહ્યા છે.

---------------------------------------------------------------------

---માહિતી ખાતુ અનિલ

-(NAVIN)

# GUJ TRIBE EDUCATION

રાજ્યમાં 14 લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાના લાભ આપવામાં આવ્યા છે.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું કે, રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ સુધીની શૈક્ષણિક યોજનાઓના લાભ ઉપલબ્ધ છે. 12 લાખ 84 હજાર 404 વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ અને 2 લાખ 49 હજાર 518 વિદ્યાર્થીને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના લાભ અપાયા છે.

આદિજાતિ વિસ્તારોમાં જ્ઞાનકૂંજ પ્રોજેક્ટ અને સ્માર્ટ ઇન્ટરેક્ટિવ બૉર્ડ યોજના હેઠળ 7 હજાર 408 સરકારી પ્રાથમિક શાળામાં 28 હજાર 12 સ્માર્ટ વર્ગખંડ નિર્માણ પામ્યા છે.

શ્રી ડિંડોરે ઉમેર્યું કે, આદિજાતિ વિસ્તારોમાં હાલ 8 હજાર 35 પ્રાથમિક શાળા, 1 હજાર 64 માધ્યમિક શાળા અને 509 જેટલી ઉચ્ચ શૈક્ષણિક શાળા કાર્યરત્ છે. દર વર્ષે 13 લાખ જેટલા વિદ્યાર્થીને શાળા ગણવેશ સહાય યોજનાનો લાભ અપાય છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી (GSTES) હેઠળ આદિજાતિ વિસ્તારોમાં 102 શાળા કાર્યરત્ છે.

---

-રીપીટ

# Chandipura

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી વધુ બે બાળકોના મૃત્યુ થયા છે આ સાથે મૃત્યુ આંક વધીને 68 થયો છે.

રાજ્યમાં હાલ ચાંદીપુરાના કુલ 159 કેસો છે. જેમાંથી 20 દર્દી દાખલ છે. 69 દર્દીઓના સારવાર બાદ રજા અપાઇ છે.

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના રોગચાળાને નિયંત્રણ – અટકાયતી માટે તંત્ર દ્વારા સઘન કામગીરી કરાઈ રહી છે.

આરોગ્ય ટીમ દ્વારા પોઝીટીવ અને શંકાસ્પદ કેસોના વિસ્તારમાં સર્વેલન્સ, મેલેથિયોન પાવડરના ડસ્ટીંગ – સ્પ્રેઇંગની સઘન કામગીરી હાથ ધરાઈ છે.

---------------------------------------------------------------------

-ચાદી, નિકીતા -(NAVIN)

# Nari Vandan Utsav-2024

મહેસાણા નગરપાલિકાના  ટાઉનહોલ ખાતે નારી વંદન ઉત્સવ અંતર્ગત "મહિલા નેતૃત્વ દિવસ"નીઉજવણી કરવામાં આવી હતી . આ પ્રસંગે આઠ ગામની બાલિકા પંચાયતનાં  સરપંચ, ઉપસરપંચ અને સભ્યો સહિત  ૩૨ નારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ અંગે જિલ્લાના ધારાસભ્ય મુકેશ પટેલએ વધુ માહિતી આપી -----

(બાઇટ -મુકેશ પટેલ :- ધારાસભ્ય મહેસાણા)

---------------------------------------------------------------------

- પીટીસી મહેસાણા

# Nari Vandan Saptah - DISTRICT

નારી વંદન સપ્તાહ અંતર્ગત અમદાવાદમાં ગઇકાલે મહિલા નેતૃત્વ દિવસ નિમિત્તે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA), વસ્ત્રાપુર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લામાં વિવિધ ક્ષેત્રે નેતૃત્વ કરતી મહિલાઓને સન્માનિત કરાઈ હતી. આશા વર્કર, આંગણવાડી વર્કર, મુખ્ય સેવિકા બહેનો અને તાલુકા લાઈવલીહુડ મેનેજર બહેનોને પણ સન્માનિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં, રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની વ્હાલી દીકરી યોજના, સખી વન સ્ટોપ સેન્ટર યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજન, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, પાલક માતા-પિતા યોજના સહિતની યોજના અંગે માહિતી આપવામાં આવી હતી.

મહેસાણા જિલ્લા પંચાયત ખાતે પણ  મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી.

ભુજના દેવપર-યક્ષ ખાતે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી નિમિત્તે મહિલાઓ માટે સ્વરોજગાર લોન મેળાનું આયોજન થયું હતું.

ખેડા જિલ્લાનાં નડીઆદ ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત તા.૧ થી ૮ ઓગસ્ટ સુધી વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે.

આ પ્રસંગે મહિલાઓને  મહિલા અને બાળકોને લગતી વિવિધ યોજનાઓની, પશુપાલનને લગતી વિવિધ યોજનાની  માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ખેતીવાડી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓનું તથા સારી કામગીરી કરેલ મહિલા સરપંચશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

PTC-AHMEDABAD,  MEHSANA, KHEDA,  INFO BHUJ,  MITTAL,  SONAL

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Shravan month

સોમનાથ મહાદેવ ખાતે શ્રાવણના પ્રથમ દિવસ અને પ્રથમ સોમવારે શિવજીનાં ચરણોમાં ભક્તોનો મહાસાગર ઉમટ્યો હતો. ગઈ કાલે સાંજે 6:00 વાગ્યા સુધીમાં 50 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. અત્યાર સુધીના સૌથી વધુ 68 ધ્વજા પૂજા નોંધાઈ હતી.

દરમિયાન, અંબાજીની આસપાસ ઘણા બધા શિવાલયો આવેલા છે, ત્યારે અંબાજીના કુંભારિયા ખાતે આવેલા રામેશ્વર મહાદેવ મંદિરમાં શ્રાવણ માસના પ્રથમ સોમવારે અને પ્રથમ દિવસે બરફના અમરનાથ બનાવવામાં આવ્યા હતા.

રામેશ્વર મહાદેવમાં પણ ભગવાન શિવની આરાધના કરવામાં આવી હતી અને બરફના અમરનાથ બનાવવામાં આવ્યા હતા.

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાંધીનગર શહેરમાં ઈંડા નોનવેજની લારી તેમજ કતલખાના બંધ કરવાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલે ગાંધીનગરના કમિશનર અને કલેકટરને પત્ર લખ્યો છે.

---

--પીટીસી ગીર સોમનાથ, ગાંધીનગર અને હિન્દુસ્તાન સમાચાર, અનિલ -(NAVIN)

# IRCTC Shravan Special

આઇઆરસીટીસી દ્વારા શ્રાવણ માસમાં સાત જ્યોતિર્લિંગ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. 20થી 29 ઓગસ્ટ દરમિયાન મહાકાલેશ્વર, ઓમકારેશ્વર, ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર, પરલી વૈજનાથ, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શન કરાવવામાં આવશે.

રાજકોટથી પ્રસ્થાન થનારી આ ટ્રેનમાં મુસાફરો સુરેન્દ્રનગર, વિરમગામ, ચાંદલોડીયા, નડિયાદ, આણંદ, વડોદરા, ગોધરા અને દાહોદથી બેસી શકશે.

જ્યોતિર્લિંગ દર્શન ભારત ગૌરવ ટ્રેનમાં ભાડું ચુકવવા છ અને 10 E.M.I.ની સુવિધા પણ આપવામાં આવશે.

---------------------------------------------------------------------

---ડેસ્ક અનિલ -(NAVIN)

# RAIN

ગુજરાતના 144 તાલુકામાં ગઈ કાલે હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ સવા ઈંચ વરસાદ વલસાડ જિલ્લાના કપરાડામા પડ્યો હતો. આ સાથે રાજ્યમાં સરેરાશ 23 ઇંચ સાથે મોસમનો 68 ટકા વરસાદ પડી ચૂક્યો છે.

સૌથી વધુ 150 ટકા વરસાદ દેવભૂમિ દ્વારકામાં નોંધાયો છે. દ્વારકામાં સરેરાશ 30 ઇંચની સામે અત્યાર સુધી 46 ઇંચ વરસાદ પડ્યો છે. આ ઉપરાંત જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં 124 ટકા વરસાદ પડ્યો છે. નવસારીમાં 96 ટકા વરસાદ પડી ચૂક્યો છે. તાલુકા પ્રમાણે જોઇએ તો, દ્વારકામાં સૌથી વધુ 250 ટકા અને કલ્યાણપુરમાં 147 ટકા, જૂનાગઢ જિલ્લાના કેશોદ અને વંથલી તાલુકામાં 145 ટકા વરસાદ પડ્યો છે.

દરમિયાન, હવામાન વિભાગે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે.

---

-ડેસ્ક, અનિલ -(NAVIN)

# Table tennis

સ્ટેટ રેકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ધૈર્ય પરમાર અને ફિલ્ઝાહ ફાતિમા કાદરીએ ખિતાબ જીત્યા છે.

ભરૂચ ખાતે યોજાયેલી 5મી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધામાં પુરૂષ કેટેગરીમાં ધૈર્ય પરમારે, મોનિષ દેઢિયાને 4 – 2 થી હરાવી અને મહિલા કેટેગરીમાં ફાતિમા કાદરીએ ફેનાઝ છિપાયાને 4 – 2 થી હરાવી ખિતાબ જીત્યા છે.

અંડર 19 બોયઝમાં ધ્યેય જાની અને ગર્લ્સમાં પ્રથા પવારે ખિતાબ જીત્યા છે.

અંડર 17માં અભિલાક્ષ પટેલ અને સનાયા અચ્છા તથા અંડર-13માં દેવ ભટ્ટ અને દાનિયા ગોડિલ વિજેતા બન્યા છે.

---

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# WACO

24 થી 28 જુલાઈ, 2024 દરમિયાન ગોવામાં યોજાયેલી WACO ઈન્ડિયા નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ 2024માં ગુજરાતના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરતા 10 ચંદ્રકો જીત્યા છે. જેમાં વડોદરાના અને વલસાડના એક ખેલાડીનો સમાવેશ થાય છે.

ટીમના પ્રભાવશાળી પ્રદર્શનમાં વડોદરાના ડિંકલ ગોરખા અને વલસાડના ઉજ્જવલા લાંડગે એ  બેવડા સુવર્ણ ચંદ્રકો જીત્યા છે. છોકરીઓ અને છોકરાઓની ટીમોએ પોતપોતાની ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યા છે..

-----------------------------------------------------------------------

-પીટીસી, વડોદરા, નિકીતા -(NAVIN)